અપીલ અરજી નં.૨૫૬તા .૧૨–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન દેસાઈ
સામાવાળાઃ– ડે.કમિ. (ફા.)અને જાહેર માહિતી અધિકારી (કાયદાખાતુ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન દેસાઈની તા.૮–૮–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ની સ્થાયી સમિતિની તા. ૨૭–૧૧–૦૩ના રોજ મળેલ સભામાં ઠરાવ નં. ૧૭૫૮/૨૦૦૩ સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ આ ઠરાવના અનુસંધાનમાં સંબંધિત વિભાગો તરફથી ગુજરાતની તમામ મહાનગરપાલિકામાં શું શું તપાસ કરાવવામાં આવી અને સ્થાયી સમિતિ સમક્ષ સંબંધિત વિભાગોએ શું શું તપાસ હેવાલ રજુ કરવામાં આવ્યો તેની માહિતી તેમજ તપાસ હેવાલની સર્ટીફાઈડ કોપી ફાળવવા બાબતની માહિતી અંગે.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૫૬/ ૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન દેસાઈની તા.૮–૮–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ની સ્થાયી સમિતિની તા. ૨૭–૧૧–૦૩ના રોજ મળેલ સભામાં ઠરાવ નં. ૧૭૫૮/૨૦૦૩ સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ આ ઠરાવના અનુસંધાનમાં સંબંધિત વિભાગો તરફથી ગુજરાતની તમામ મહાનગરપાલિકામાં શું શું તપાસ કરાવવામાં આવી અને સ્થાયી સમિતિ સમક્ષ સંબંધિત વિભાગોએ શું શું તપાસ હેવાલ રજુ કરવામાં આવ્યો તેની માહિતી તેમજ તપાસ હેવાલની સર્ટીફાઈડ કોપી ફાળવવાની માહિતી આપવા બાબતે ડે.કમિ.(ફા) અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતુ) ના પત્ર નં. કાયદા વિભાગ/આઉટવર્ડ નં./ ૨૮૧ તા. ૬–૦૯–૧૧થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨– ૯–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** સાથે આ બાબત સ્થાયી સમિતિ સમક્ષ ફરીથી આ કામની કોઈ વિગતો રજુ થયેલ છે કે કેમ ? તે અંગેની પણ છેલ્લી દફતરી વિગતો રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૦ તા.૧૯–૯–૧૧ થી ડે.કમિ. (ફા.)અને જાહેર માહિતી અધિકારી (કાયદાખાતુ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કાયદાખાતુ/આ.નં.લો/૩૧૨ તા.૨૩–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૭૮ તા.૯–૮–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેક્રેટરી વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, સેક્રેટરી વિભાગ તરફથી પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/સ્થા.સ./ આ.નં. ૧૮ તા.૧૨–૮–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્યને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/આ.અ/પીઆઈ/જાવક/૧૬૬ તા.૧૭–૮–૧૧ થી ડે.કમિ.શ્રી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઓફિસને તબદીલ કરેલ પત્રની નકલ, ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી./૧૨૫૪ તા.૨૪–૮–૧૧ થી ડે.કમિ. (ફા.) અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, ડે.કમિ. (ફા.) અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. કાયદાવિભાગ/આ.નં.૨૮૧ તા.૬–૯–૧૧ ના પત્રની નકલ, બીપીએમસીએકટ–૧૯૪૯ ની કલમ –૩૧૩ બાબતે સેન્ટ્રલઝોન ખાતે અગાઉ અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૩૦ તા.૨૧–૧૦–૧૦, પત્ર સે.ઝોન/આ.નં.૬૪૪ તા.૨–૯–૦૮ તથા પત્ર નં.સે.ઝોન/આ.નં.૫૪૩ તા.૨૦–૭–૧૦ થી આપેલ માહિતીની નકલ , સુરેશ પટેલને નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૮૫ તા.૨૧–૧–૦૯ થી આપેલ માહિતીની નકલ તે સબંધે કરેલ પ્રથમ અપીલ નં.એસએમસી/૧૪૬/૧૦–૧૧ તા.૨૩–૭–૧૦ ની અપીલ અંગેના હુકમની નકલ, રાજય માહિતી આયોગમાં ૨૨/૪, અંગે કરેલ પૂર્તતા અહેવાલની નકલ, નોંધ વિભાગ, કમિ.શ્રીની પત્ર નં.સી.સ્થા.સ./૭૧૧ તા.૧૪–૧૦–૦૩ ની સ્થા. સમિતને કરેલ દરખાસ્તની નકલ, સ્થા. સ. એ તા.૨૭–૧૧–૦૩ ના રોજ કરેલ ઠરાવ નં.૧૭૫૮/૨૦૦૩ ના ઠરાવની નકલ, બીપીએમસી એકટ–૩૧૩ ની જોગવાઈઓ જણાવતા પુસ્તકના પ્રતની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૮–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૭૭૮ તા.૯–૮–૧૧ થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી સેક્રેટરી વિભાગને તબદીલ કરવામાં આવેલ. સેક્રેટરી વિભાગ તરફથી પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/સ્થા.સ./આ.નં.૧૮ તા.૧૨–૮–૧૧ થી નિયત સમય અવધિમાં ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્યને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/આ.અ/પીઆઈ/જાવક/૧૬૬ તા.૧૭–૮–૧૧ થી નિયત સમય અવધિમાં ડે.કમિ.શ્રી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી./૧૨૫૪ તા.૨૪–૮–૧૧ થી નિયત સમય અવધિ બાદ ડે.કમિ. (ફા.) અને જાહેર માહિતી

અધિકારીને તબદીલ કરવામાં આવેલ.જે અંગે ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. કાયદાવિભાગ/આ.નં.૨૮૧ તા.૬–૯–૧૧ થી સમય અવધિમાં " સુરત મહાનગપાલિકાની સ્થા.સ.સમિતિની તા.૨૭–૧૧–૦૩ ના રોજ મળેલ સભામાં ઠરાવ નં.૧૭૫૮/૨૦૦૩ ના અનુસંધાનમાં ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં સુરત મહાગપાલિકા તરફથી ગુજરાતની તમામ મહાનગપાલિકામાં તપાસ કરાવવામાં આવેલા હોવાનું જણાયું નથી. તેવું જણાવેલ. (૧) જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં ખોટી માહિતી આપ્યાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૨–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારના અપીલમાં કરેલી રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારીએ અરજદારને રેકર્ડ ઉપરની ઉપલબ્ધ વિગતો અન્વયે માહિતી આપવામાં આવેલ છે. કોઈ ખોટી માહિતી કે માહિતી છુપાવવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. (૨) સ્થા. સ. તરફથી તા.૨૭–૧૧–૦૩ ના રોજ મળેલ સભામાં ઠરાવ નં.૧૭૫૮/૨૦૦૩ સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ તેના અનુસંધાનમાં સુમનપાના કમિ.શ્રી તરફથી ગુજરાતની તમામ મહાનગપાલિકામાં તપાસ કરાવવાની જવાબદારી કમિ.શ્રીની આવેલી હોય કરદાતાના હિતમાં તેમ છતાં તપાસ કરાવવામાં ન આવી ૮ વર્ષ સુધી શા માટે. અરજદારના અપીલમાં જણાવેલ મુદ્દા નં.૨ અન્વયેની માહિતી પ્રશ્ન સ્વરૂપે હોય જેની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય પ્રશ્ન સ્વરૂપની માહિતીનો પ્રત્યુત્તર આપવાનો રહેતો નથી. તેવું જણાવેલ છે. (૩) સ્થા.સ. તરફથી જે ઠરાવ મંજુર કરવામાં આવેલ તે ઠરાવના અનુસંધાનમાં જો કમિ.શ્રી તરફથી ગુજરાતની તમામ મહાનગપાલિકામાં તપાસ કરવાની જવાબદારી આવતી હોય તેમ છતાં તપાસ કરાવવામાં ન આવી તો પછી શા માટે સ્થા.સ. વાળાએ સર્વાનુમતે ઠરાવ મંજુર કરવામાં આવ્યો તો પણ એક સવાલ છે. અરજદારે અપીલમાં જણાવેલ મુદ્દા અંગે ઉપરોકત બે મુદ્દા નં.૧ અનેર માં જણાવ્યાનુસાર જણાવેલ છે. (૪) સ્થા.સ. માં ઠરાવ મંજુર કરી કરદાતાઓને ગેરમાર્ગે દોરવામાં આવેલ હોય તેવું ચોખ્ખું જણાય આવે છે. અરજદારના તેવા પ્રશ્ન બાબતે રેકર્ડ ઉપરની ઉપલબ્ધ માહિતી અન્વયે પ્રત્યુત્તર અરજદારને આપેલ હોય , કોઈ ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. (૫) મે જે માહિતી સંબંધિત વિભાગો પાસેથી માંગવામાં આવેલ તે વિભાગો તરફથી માહિતી મળેલ નથી જેની નોંધ લેવા વિનંતી. અરજદારે તેઓની આઈડી નં.૬૩૮ તા.૮–૮–૧૧ થી માહિતી સેક્રેટરીશ્રી, કમિ.શ્રી કે ડે.કમિ. (એચ) પાસે માંગેલ જે ફાઈલમાં સામેલ એડી.સીટી ઈજનેરના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫૪૩ તા.૨૦–૭–૧૦ તથ સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૩૦ તા.૨૧–૧૦–૧૦ થી પ્રત્યુત્તર આપેલ છે. તેમજ આસી. કમિ.શ્રીના પત્ર નં.આરટીઆઈ / સે.ઝોન/૬૪૪ તા.૨–૯–૦૮ થી જવાબ આપેલ છે. જે રેકર્ડ ઉપરની ઉપલબ્ધ માહિતી અન્વયે કાયદાખાતા તરફથી અરજદારને પ્રત્યુત્તર આપવામાં આવેલ હોય કોઈ માહિતી છુપાવવામાં આવેલ નથી કે ખોટી માહિતી આપવામાં આવેલ નથી. (૬) ૧૭૫૮/૨૦૦૩ ના ઠરાવની નકલ, કમિ.શ્રીને ૭–૪–૧૧ ના રોજ અરજદારે કરેલ અરજીની નકલની વિગતો જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી ઠરાવ બાબતે તપાસ કરવામાં ન આવી તેવી રજૂઆત બાબતે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈઓ અને નિયમોનુસાર અલાયદી અરજી કરવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૮–૧૧ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઠરાવ બાબતે તપાસ કરવામાં ન આવી તેવી રજૂઆત બાબતે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોઈ તે અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈઓ અને નિયમ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતુ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,